## STATEMENT SHOWING THE ORIGINAL WORK.

ઓગણીસમી સદીના ઉત્તરાર્ધથી ગુજરાતી નવલકથાનો અને વીસમી સદીના બીજા દાયકાથી ગુજરાતી વાર્તાનો વિકાસ થયો છે. છતાં ગુજરાતી વિવેચનમાં કથાસાહિત્ય વિશે ખૂબજ સંદિગ્ધતા પ્રવર્તે છે. મોટાભાગે આ સંજ્ઞાને નવલકથાના પર્યાયરૂપ ગણવામાં આવી છે તો કયારેક ટૂંકી વાર્તાની ચર્ચા પણ આ સંજ્ઞાને નિમિત્તે કરવામાં આવી છે. આ સંજોગોમાં કથાસાહિત્યની વિભાવનાની શાસ્ત્રીય તપાસ કરવી અનિવાર્ય બની છે. મેં આ શોધનિબંધમાં આ સંજ્ઞાની અને વિભાવનાની તપાસ ગુજરાતી સાહિત્ય વિવેચનના સંદર્ભે કરવાનો પ્રયત્ન કર્યો છે. કથાસાહિત્યનો એક મહત્વનો પ્રકાર ટૂંકીવાર્તા પણ છે. ગુજરાતી સાહિત્યમાં અનેક સ્વરૂપો વ્યાપક રીતે ખેડાયા હોવા છતાં કવિતા અને ટૂંકી વાર્તાનાં સ્વરૂપો સવિશેષ ખેડાયાં છે. પરંતુ કવિતાની સમીક્ષા જેવી રીતે થઈ છે તેવી રીતે ટૂંકી વાર્તાની સમીક્ષા નથી થઈ. આ શોધનિબંધમાં કથાસાહિત્યની અને ટૂંકીવાર્તાની વિભાવનાઓ સ્પષ્ટ કર્યા પછી તેનાં ઘટકોની આલોચના શાસ્ત્રીય પધ્ધતિએ કરવામાં આવી છે. કથાસાહિત્યની એક મહત્વની રચનારીતિગત પ્રયુકિત 'કથનકેન્દ્ર'ની વિભાવના સ્પષ્ટ કર્યા પછી નવ્યવિવેચનથી માંડીને સંરચનાવાદ - અનુસંરચનાવાદ, શૈલી વિજ્ઞાનના અભિગમો અને પધ્ધતિઓ તથા ગુજરાતી વિવેચકોએ આ વિશે કરેલા ચિંતનની સમીક્ષા પણ આની સાથે સાથે જ કરી છે. વળી, આ માત્ર સૈધ્ધાંતિક ચર્ચા જ ન બની રહે એટલા માટે જ્યાં જ્યાં અનિવાર્યતા ઊભી થઈ ત્યાં ત્યાં ગુજરાતી ભાષાની અને ગુજરાતી સિવાયની અન્ય ભાષાઓની ટૂંકી વાર્તાના દ્રષ્ટાંતો પણ આવરી લીધાં છે. એ રીતે આ સમીક્ષાને સિધ્ધાંતોના વિનિયોગોના પણ લાભ આપ્યો છે.

ગુજરાતી ટૂંકી વાર્તામાં વીસમી સદીના ઉત્તરાર્ધથી એક નવો વળાંક આવ્યો છે. રચનારીતિ વિશેની સભાનતા સર્જનક્ષેત્રે અને વિવેચનક્ષેત્રે વિશેષ માત્રામાં જોવા મળે છે. આમ છતાં કથનકેન્દ્ર જેવી મહત્વની યુક્તિ-પ્રયુક્તિ વિશે ગુજરાતી વિવેચનમાં ઝાઝો વિચાર કરવામાં આવ્યો નથી. આ શોધનિબંધમાં મેં પહેલીવાર કથનકેન્દ્રની વિગતે ચર્ચા કરી છે અને જ્યાં જ્યાં જરૂરી લાગ્યાં છે ત્યાં ત્યાં એના દ્રષ્ટાંતોની પણ વિગતે ચર્ચા કરી છે. કથનકેન્દ્રની સમસ્યા સાથે ભાષાની સમસ્યા આપોઆપ સંકળાઈ જાય છે. સાથે સાથે જ સામગ્રીના તિરસ્કાર પુરસ્કારનો પ્રશ્ન પણ એની સાથે સંકળાયેલો છે. આ બધી તપાસ કરવા માટે મેં ગુજરાતી ટૂંકીવાર્તાના દસ નમૂનાઓ લીધા છે. આ વાર્તાઓની સર્વાંગી આલોચના કથનકેન્દ્રને ધ્યાનમાં રાખીને કરી છે. એને નિમિત્તે ગુજરાતી ટૂંકીવાર્તાની પલટાતી વિભાવનાનો અને કથનકેન્દ્ર જેવી મહત્વની યુક્તિ-પ્રયુક્તિ પ્રત્યે ગુજરાતી વાર્તાકાર કઈ રીતે ઉત્તરોત્તર સભાન બનતો ગયો તેની તપાસ પણ અહીં કરી છે.

મારી નમ્ર માન્યતા પ્રમાણે ગુજરાતી સાહિત્ય વિવેચનમાં આ સમસ્યાની શાસ્ત્રીય આલોચના પહેલવહેલી છે અને મારો આ શોધનિબંધ સંપૂર્ણપણે મૌલિક છે.

શરીફા

– શરીફા વીજળીવાળા.